# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com


પીજીવીસીએલ/પ્રોજેક્ટ/ 452 | તા.27/05/2016

પ્રતિ,
શ્રી અધિક્ષક ઈજનેર,
પીજીવીસીએલ, વર્તુળ કચેરી,
રાજકોટ સીટી/રાજકોટ ગ્રામ્ય/મોરબી/પોરબંદર/જુનાગઢ/
જામનગર/ભુજ/અંજાર/ભાવનગર/બોટાદ/સુરેન્દ્રનગર/અમરેલી

વિષય:- નવા ખેતીવાડી વિષયક હેતુસરના વીજ જોડાણ પર ઉર્જા કાર્યક્ષમ ૫-સ્ટાર રેટેડ પંપસેટ લગાવવા બાબત.

સંદર્ભ:- ૧. પીજીવીસીએલ/પ્રોજેક્ટ/૮૩૬ તારીખ:૨૧.૦૮.૨૦૧૫
૨. પીજીવીસીએલ/ડીએસેમ/૪૩૨ તારીખ:૧૮.૦૧.૨૦૧૬
૩. પીજીવીસીએલ/આરએન્ડસી/ડીએસેમ/૨૭૨૩ તારીખ:૨૮.૦૩.૨૦૧૬

ગુજરાત વિદ્યુત નીયંત્રક આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ "ડીમાન્ડ સાઈડ રેગ્યુલેશન-૨૦૧૨" અનુસાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા ખેતીવાડી વિષયક નવા વીજ જોડાણો BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપ સેટ સાથે રીલીઝ કરવાના હેતુસર ૭.૫ હો.પા સુધી આ કાર્યક્રમ ઉપરોકત સંદર્ભથી કાર્યરત છે.

સદરહુ, કાર્યક્રમ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ થી ૨૦ હો.પા સુધીના ખેતીવાડી વિષયક નવા વીજ જોડાણો સમાવેશ કરવામાં આવેલ છે. તથા તેમાં સહાયક રકમ એટલે કે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા, અરજદારે BEE ફાઈવ સ્ટાર અધિકૃત પંપસેટ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ પંપસેટ ની કુલ રકમ પૈકીની નીચે મુજબની રકમ ઉત્પાદક અથવા તેમના અધિકૃત ડીલર/વિક્રેતા અથવા જેના નામનું ભરતીયું હશે તેને ચુકવવાની રહેશે.

| ક્રમ | ખેતીવાડી અરજદાર માટે BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટની ક્ષમતા | પીજીવીસીએલ દ્વારા ખેતીવાડી અરજદાર વતી પૂરી પાડવા માટેની રકમ (રૂપિયા માં) |
|---|---|---|
| ૧ | ૫.૦ હો.પા | ૩,૭૦૦/- |
| ૨ | ૬.૦ હો.પા | ૩,૫૦૦/- |
| ૩ | ૭.૫ હો.પા | ૪,૬૦૦/- |
| ૪ | ૧૦ હો.પા | ૫,૫૦૦/- |
| ૫ | ૧૨.૫ હો.પા | ૬,૮૦૦/- |
| ૬ | ૧૫ હો.પા | ૮,૪૦૦/- |
| ૭ | ૧૭.૫ હો.પા | ૮,૮૦૦/- |
| ૮ | ૨૦ હો.પા | ૧૨,૫૦૦/- |

સદરહુ કાર્યક્રમમાં, ખેતીવિષયક વીજજોડાણના પંપસેટના પ્રસ્થાપન વખતે પંપસેટની નેમપ્લેટ તથા પ્રસ્થાપનના ફોટોગ્રાફ લેવાના રહેશે. વિશેષમાં જે ખેતીવિષયક અરજદારોએ નવું વીજ જોડાણ મંજુર થયા પહેલા પંપ સેટ ખરીદી લીધેલ હોય તેમજ હાલ તેમની પાસે હયાત હોય તો તેવા અરજદારોની રજુઆત મળ્યે આ કાર્યક્રમનો વૈકલ્પિક ધોરણે અમલ કરવાનો રહેશે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા, અરજદારે BEE ફાઈવ સ્ટાર અધિકૃત પંપસેટ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ પંપસેટ ની કુલ રકમ પૈકીની રકમ ઉત્પાદક અથવા તેમના અધિકૃત ડીલર/વિક્રેતા અથવા જેના નામનું ભરતીયું હશે તેને સંદર્ભ નંબર ૩ મુજબ ચુકવવાની રહેશે.

આ કાર્યક્રમ ખેતીવિષયક નવા વીજજોડાણોને આપવામાં આવતા અંદાજપત્ર માટે આ પત્રની તારીખથી અમલી કરવાનો રહેશે. તથા ખેતીવિષયક નવા વીજજોડાણની કાર્યવાહી સામેલ ઓપરેશનલ ગાઈડલાઈન મુજબ અમલી કરવાની રહેશે.

આ કાર્યક્રમ અંગેની ઓપરેશનલ ગાઈડલાઈન એનેક્ષર A, માહિતી પત્ર એનેક્ષર B, સબ ડીવીઝન કચેરીએ અરજદારને મોકલવાના પત્રનો નમુનો એનેક્ષર C, પીજીવીસીએલના સ્ટાફ/અધિકારી દ્વારા કરવાના સ્થળ રોજકામનો નમુનો એનેક્ષર D, આ કાર્યક્રમ અંતર્ગત કરવાના ત્રિપક્ષિય કરારનો નમુનો એનેક્ષર E, BEE અધિકૃત ફાઈવ સ્ટાર પંપસેટ ઉત્પાદકનું લીસ્ટ એનેક્ષર F પ્રમાણે આ પત્ર સાથે સામેલ કરેલ છે

જે આપની જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂં.

મુખ્ય ઈજનેર(પ્રોજેક્ટ)
પીજીવીસીએલ, નિગમિતકચેરી,
રાજકોટ

સા.નકલ રવાના:- ૧. શ્રી મુખ્ય ઈજનેર(ટેક) કોર્પોરેટ ઓફીસ, પીજીવીસીએલ,રાજકોટ
૨. શ્રી મુખ્ય ઈજનેર,પીજીવીસીએલ,ઝોનલ કચેરી,ભાવનગર

નકલ રવાના : - તમામ કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ વિભાગીય કચેરી
- તમામ નાયબ ઈજનેર, પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી